Barcode - 99999990870560
Title - Khoja Kom Ne Aek Apil.
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 21
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 087056

સીરીઝ નાં૦ ૧.

૭૮૬.

ઉતલોબુલ ઇલ્મ વલવ કાન બિસ્સીન.

કેળવણી વગર કોમેનો ફફળાટ, ફરજ વિસરવાથી
થતા અનિષ્ટ પરિણામો.

# ખોજા કોમને એક અપીલ.

રચી પ્રસિદ્ધ કર્તા:—"મદાહ."
૪૧-૪૩ ડોનટાડ ક્રોસ લેન
મુંબઈ ૩.

વકફ.

ઇ. ૧૯૨૧. હી. ૧૩૪૦.
[અર્ધો આનાના સ્ટાંપ મોકલી કર્તા પાસેથી મંગાવો.]

..." પ્રીન્ટીંગ પ્રેસમાં અરદેશર ખરશેદજી દેસાઈએ છાપ્યું છે

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૮૬૫૧ वर्गांक

पुस्तकनुं नाम

विषय અ ૬૭૨ ગ ૮૪ ૨૧૦ મ

## ૭૮૬.

### અલ્હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન વસ્સલાતો વસ્સલામો અલા મોહમ્મદીન (સ) વ આલેહિલ્તય્યેબિનત્તાહેરીન.

"તમામ તઅરીફ઼ો તે પાક પરવરદિગાર માટે છે જે સકળ જગતનો (universe) પાળનાર છે, અને દુરૂદ અને રહેમત તે માલિકની મોહમ્મદ (સ૦) અને આપની આલે પાક ઉપર થાય."

પ્રિય વાંચક બંધુઓ! ઇજીપ્ત ભારતવર્ષથી કાંઇ વધારે પરતંત્રતા ભોગવતું ન હતું, એ સર્વ માન્ય છે; ભારતવર્ષની વર્તમાન પરીસ્થિતીનું મુખ્ય કારણ ભારતની પરતંત્રતા છે, અને હાલ આપણે આદર્શ દિશાએ વેગપુર્વક જઇ રહ્યા છીએ. એ સ્વતંત્રતાની દિશાએ કુચ કરતા ભારતે અહિંસાના સિધ્ધાન્તનું ભંગ કર્યું નથી.[1]

પણ ઇજીપ્તની રૂપસુંદરીઓએ જે વર્તણુક છેલ્લા બે દાયકા ખડી કરી, અને અહિંસાના સિદ્ધાંતનું ભંગ કર્યું, તે આપણે તેઓના બે દાયકા ભડીની વર્તણુકના ઇતીહાસ ઉપરથી જોઇ શકયા છીએ.

---

૧ મ૦ ગાંધીજીએ ચલાવેલી ચળવળ લીધે, સ્વતંત્રતાની દિશાએ કુચ કરતા, કરવામાં આવેલું અહિંસાનું પાલન સર્વમાન્ય છે પણ કેટલેક ઠેકાણે બનવા પામેલા હિંસક બનાવો વર્તમાન ચળવળને હિંસક સાબિત કરી શકતા નથી, કારણ કે ૪૦ કરોડની ભારત વસ્તીમાં એકાદ ઠેકાણે એવી હિંસા થાય, તો તેથી આખી ચળવળ દોષીત થઇ શકે નહીં, ભારતના હજારો ગામોમાંથી એકાદ ગામમાં અકસ્માતીક બનાવ ગણાય.

પરતંત્રાની બેડીઓને તોડી સ્વતતંત્રતાની મહાન અપુર્વ આદર્શ દિશાએ કુંચ કરતા તેઓએ અહિંસાના સિદ્ધાંતનું જો કે ભંગ કર્યું પણ તેમ કરતાં તેઓએ સ્વતંત્રા તો મેળવીજ. ઇજીપ્તની મહીલાઓએ પરતંત્રતામાં રહેવું ઉચ્ચિત ન ધાર્યું, તેમ એવી સ્થિતીએ રહેવું પાપ માન્યું, ત્યારેજ મહાન પ્રયત્નો કરી, સ્વતંત્રતા અર્થાત સ્વરાજ્ય મેળવ્યું.

વર્તમાન સમયે આપણે જોઇ શકીએ છીએ કે દરેકે દરેક દેશ જાગ્રત થતું જાય છે અને પરતંત્રતાની બેડીઓ તોડી તેમાંથી મુકત થઇ, સ્વતંત્ર થવા પ્રયત્નો કરી રહેલ છે. દરેક દેશજ નહિ, પણ દરેક દેશની દરેક કોમ એમજ ઇચ્છી રહી છે. જ્યાં સુધી જ્ઞાત જાગ્રતીના ઉજવળ પ્રકાશમાં આવતી નથી, ત્યાં સુધી સ્વતત્રતા જોઇ શકતી નથી. આપણી કોમ પાસે સર્વ ચીજો છે પણ જાગૃતીનીજ ખામી છે. ધનવાનોની ગુલામીમાં આવી, ધર્મના ઉપદેશોને ભુલી, પોતાની ફરજોથી બેખબર થઈ, આજે આપણી કોમ (ખોજા) પરતંત્રાની બેડીઓમાં જકડાએલી છે. આપણા કોમની નઉકા કઇ દિશાએ ધસડાય છે તે જોવાનું છે જ્યારે (કહેવતા) કોમના આગેવાનો પોતાની કોમને ખોટે માર્ગે દોરવી લઇ જાય, તો પછી કોમની શી ગતિ ? જો આગેવાનો પોતાની ફરજોથી બે ખબર થઈ ગયાં તો કોમ પોતાની ફરજો વિસરે તેમાં નવાઇ શી ? જો આજે આપણી કોમ આપણા ધર્મથી વિરૂદ્ધ એક પણ કાર્ય ન કરે તો આગળ જતાં આપણી કોમ વધારે જાગૃત થવા પામે એ તો સિદ્ધજ છે, ત્યારે આપણી કોમમાનાં કેટલાએક ધર્મ વિરૂદ્ધના કર્તવ્યો કરી રહયા છે.

આજે આપણી કોમના (કહેવાતા ચમરબંદી) આગેવાનો પોતાની ફરજો ભુલતાજ જાય છે તેથી વધારે સોચનિય શું હોઇ શકે ?

ફરજ એ ત્રણ અક્ષરી શબ્દ છે, પણ એ ત્રણ અક્ષરી વિષય જેટલું ગુઢ છે તેટલું આહય છે, તેમ વિશાળ છે ફરજ શબ્દ, એવો કોઇ મનુષ્ય સૃષ્ટીની સપાટીએ નથી, તેને લાગુ પડતો ન હોય. ભીન્ન ભીન્ન પ્રકારે મનુષ્ય ઉપર ફરજ તો રહેલી છે; અને એ ફરજ ન બજાવતા કેવા કેવા માઠા પરીણામો આવવા પામે છે તેનું ટુંક દિગદર્શન અત્રે કરાવીશું:-

## કર્તવ્ય ભુલનું પરિણામ.

(૧) પોતાના બાળક પ્રત્યેની ફરજ વિસરી જનાર માતા બાળકને સંપુર્ણ રીતે ઉછેરી શકતી નથી. બાળકનું પોષણ કરવાની ફરજ માતા ઉપર છે અને જો તે પોષણ ન કરતા, પોતાની ફરજ વિસરે તો જરૂર બાળકની અવદશા થાય, એમાં સંદેહ નથી.

(૨) બાળને ઉછેરતાં છોકરવયે બાળકના પિતા ઉપર ફરજ આવી પડે છે. અને તે એજ કે તેની બુદ્ધિ ખીલવવી, સુમાગે ચઢાવવાના પ્રયત્નો કરવા, અને સારૂ નરસુ સમજાવવા અર્થે સુમાર્ગે પ્રયત્નો કરવા, હવે જો પિતા બાળક પ્રત્યેની એ ફરજ વિસારી મૂકે તો છોકરો કુમાર્ગે ચઢે, ત્યારે કબુદ્ધિ સિવાય તે પાસ બીજું કાંઇ આવી શકે નહિં, હવે આપણે આપણી કોમ તરફ એક નજર જોશું:—

(અ) માતા પોતાના બાળક પ્રત્યેની ફરજ[1] વિસારી ક્રિશ્ચીયન આયા પાસે દુધ પીવાડે ! આયાનું દુધ પાતા શું માતા પોતાની ફરજ વિસરતી નથી ? વળી એ ક્રિશ્ચીયન આયાને દુધ કયાંથી આવ્યું તે

---

૧ વાજીબ નથી.

જાણવાની પણ માતપિતા દરકાર કરતા નથી (!) સ્વાર્થ બુધ્ધીએ એ દુધ બાળકોને અપાય. શું એ વાજબી કે ?

(ખ) માતાની બાળ પ્રત્યેની ફરજ એજ કે બાળકને ઉછેરે. પણ આજકાલે તો ત્રણ કે ચાર વરસનું બાળક થતા, તેને પાળવાની ખટપટમાંથી મુક્ત થવા કેળવણી આપવાના નામે મુલ્લા સાહેબ પાસે મોકલે છે. તેથી એ બાળકની સઘળી ખટપટ મુલ્લા સાહેબને કરવી પડે છે. અને તેમ કરતા બીજા વિધ્યાર્થીઓના અભ્યાસમાં ખલલ થાય, તેથી નુકસાન કોણને અને કેટલું થવા પામે એનું તોલ આપજ કરશો, અને શું આ નુકસાનનું કારણ, બાળક પ્રત્યેની ફરજ વિસરનાર માતા ન ગણાય. એવીજ રીતે જો પિતા પોતાની ફરજ વિસરે તો એવીજ અધોગતિ થવા પામે.

આપણે આગળ વાંચી ગયા કે ફરજ શબ્દ સર્વેને લાગુ પડે છે તો જ્યારે આ શબ્દ સર્વેને લાગુ પડતો જણાય છે, ત્યારે તેની મહત્વતા ઘણી મોટી હોવી જોઇએ જો આપણે ફરજ એ શબ્દ તરફ વિચાર ભરી દ્ર્ષ્ટીએ જોશું તો આપણને જણાઇ આવશે કે આ શબ્દ આપણા જનમથી તે મરણ સુધી આપણી સાથે સંબંધ ધરાવે છે. પણ અફસોસ ! કે આજે આપણે પોતે પોતાનો લાભ જાણતા નથી, અને ફરજો વિસરતા જઇએ છીએ.

મુલ્લા સાહેબ પરતંત્ર હોતા આજે આપણી કોમમા ગુલામ જેવું જીવન ગાળે છે તેથી નુકસાન કોમનેજ છે એમ કહયા વગર ચાલતું નથી.

## મુલ્લા સાહેબોની પરતંત્રતા ઉર્ફે ગુલામી.

(૧) મુલ્લા સાહેબ વાએઝ કરતા દાઢી ઓડવવાની મનાઇ

કરતા અચકાય છે વા ડરે છે.[1] કારણ કે જો તે દાઢી નહી બોડવાનું ધાર્મીક ફરમાન સમજાવે તો લાગતા વળગતાઓ તેમજ અન્યો તરફથી પોતાને નુકસાન થાય એમ માને છે, (તેમ થાય એ સ્વભાવિક છે) તેથી સ્વાર્થ સાધવા કાજે તેઓ પરમાર્થ કરી શકતા નથી. અને ખરૂં પણ એજ છે કે કદાચ મજલિસના કારયવાહકો મુલ્લા સાહેબને તે માટે તિલાંજલી આપે, અને કદાચ મુલ્લા સાહેબની નોકરી પણ ચાલી જાય.

(૨) મુલ્લા સાહેબ ત્રણ કે ચાર વર્ષના બાળકોને મદ્રેસામાં નહીં લાવવાનું કહી શકે નહિ, કારણકે તેથી તેના સ્વારથ ઉપર ફટકો લાગે, અથવા કારયવાહકો તેને આપખુદ ગણે.

(૩) મુલ્લા સાહેબ વ્યાજનું બયાન ન પડી શકે.

(૪) ખુમ્સ, ઝકાત વી૦ વી૦ ના પણ મસાએલ મુલ્લા સાહેબથી ન પડી શકાય, કારણ તેથી સ્વાર્થની સિદ્ધતા ન થાય.

ઉપર જણાવેલી બાબતો પરથી સાફ જણાઇ આવશે કે મુલ્લા સાહેબ ઉંપર આગેવાનો તરફથી દબાણ છે, અને તેઓ દબાયલા છે.

બચ્ચાની ઉમર સાત આઠ વર્ષની થઇ કે તેમાં કુદરતી ખોટું ખરૂં સમજવાની શકિત આવવા લાગે છે, અને આ સાત વરસથી તે પંદર વરસ સુધીની, આઠએક વરસની ટુક ઉમર ઉપરજ બાકીની જીંદગીનો આધાર રહે છે. જો માણસની જીંદગી સુધારવી હોય, તો તેના આ આઠ વરસમાં સારી કેળવણી આપવી જોઇએ, અને આજ સાત આઠ વરસો ઘણા જોખમ ભરેલા હોય છે, એ જોખમ ભરેલા

---

૧ વધારે જાણવુ હોય તો વાંચો મોહીબ્બે દોજહાં પુ૦ ૩, અંક, ૧, ૨,

વરસો જો સંપુર્ણ દેખરેખ સાથે અને યોગ્ય પ્રયત્નોએ બાળકોને ઇલ્મના મીષ્ટ ફળો ચખાડવામાં આવે તોજ તેની બાકીની જીંદગી સુખ શાંન્તીથી પસાર થવા પામે, એટલુંજ નહિં, પણ તેના બાળકો પણ તેના કારણે તેની પેઠેજ સુખી થાય.

પણ અફસોસ! કે આઠ દશ વરસ રમત ગમત અને લાડ મોહબ્બતમાં પસાર થતાં આપણે જોઇએ છીએ, જેનું પરિણામ નુકસાનકારક આવે છે! અહીં જણાવવું જોઇએ કે જો માબાપ અને વાલીઓ કેળવાયલા હોય, તોજ તેઓ પોતાના બાળકોને કેળવવા અથવા લખવા વાંચવામાં હુસ્યાર કરવા પ્રયત્નો કરે.

ચાલુ જમાનો તો દિવસે દિવસે નવી રોશનીમાં આવતું જાય છે, અને એવા વખતમાં દરેક માણસને કેળવણીની સખત જરૂર છે, જેના ન હોવાથી માણસ અને પ્રાણીમાં કાંઇએ ફરક રહેતું નથી, માટે દરેક વાલી અને માબાપની ફરજ છે કે તેઓ પોતાના બાળકોને ઇલ્મનાં મિષ્ટ ફળો ચખાડવા ભગીરથ પ્રયત્નો કરે, એમ નહિં સમજવું કે પાળી પોષી જો કદાપી તમોએ બાળકોને મોટા કર્યા, એટલે અમારી ફરજ મટી ગઇ, નહિં! નહિં! તેમ નથી. પણ ઇલ્મ અને હુન્નર વગર જો કદાપી તમોએ બાળકોને મોટા કર્યા, તો તેમાં તમારી ફરજ ટળી જતી નથી, પણ તમે તેઓની બદ દોઆ લેવાને માટે, અને પોતાના કુટુંબને દુઃખી કરવા માટે એક માર્ગ બનાવ્યો એમ થાય. માટે દરેક વાલીની ફરજ છે કે પોતાના બાળકોને ઇલ્મના મીઠાં ફળો ચખાડે, જેથી તેઓ કેળવણી લઇ કુટુંબને સુખી રાખી શકે.

માબાપે પોતાની આ ફરજ બજાવ્યા પછી, બાળકોની ફરજ બજાવવાની રૂઢી જોવા પોતાની આંખો ઉઘાડવી, અને જોવું કે તેઓ

(બાળકો) પોતાની ફરજ કેવી રીતે બજાવે છે. જે બચ્ચાને તેના પિતાએ યોગ્ય ઇલ્મ અને હુન્નર શીખવાની પોતાની ફરજ અદા કરી હશે, તે માબાપ પોતાના બાળકને હંમેશા પોતાની ફરજ બજાવવામાં એક પગે ઉભેલો જોશે. તે પોતાની ફરજ બજાવવામાં કોઇપણ દિવસ આનાકાની કરતો જણાશે નહિં, કારણ કે માબાપે બજાવેલી ફરજનો પુરેપુરો અસર બાળકના જીગરમાં લોહચુંબક જેમ અસર રાખશે, તેથીજ આપણે તેના દરેક કાર્યો યોગ્ય અને ફરમા બરદારીમાં થતા જોઇશું. પણ જે બચ્ચાઓ પ્રત્યે માબાપ તરફથી ફરજ બજાવેલી જોઇશું નહિ, તેનું પુરેપુરૂં પરિણામ માબાપોને ભોગવતા જોઇશું.

કેટલાક કુટુંબોને આપણે પરીસ્થિતીમાં ટળવળતા જોઇએ છીએ; તેનુ મૂળ કારણ જો આપણે યોગ્ય રીતે તપાસીશું તો જણાઇ આવશે કે બચ્ચાઓ પ્રત્યેની ફરજ માબાપે ને બજાવેલી નથી જેના લીધે તેઓ આજે મુશ્કેલીમાં આવી પડયા છે. તેમાં આપણે બચ્ચાઓનો દોષ કાઢીએ તે યોગ્ય નહિ. ગણાય, કારણકે બાળપણે તેને જેવી કેળવણી મળે, તેવીજ સ્થિતી ઉતરાર્ધ વયે તે ભોગવે છે, અને તેના સગાવ્હાલાઓને તેનો નતીજો ચખાડે છે.

મા બાપની ફરજ બાળકોને પ્રથમ ઇલ્મ શીખાડવાની છે, અને ત્યાર પછી બાળકોની ફરજ માબાપોની ફરમાબરદારી કરવાની છે, હાલ આપણી કોમને દીની કેળવણી સંપુંરણ રીતે મળી નથી જે માટે નીચેનોજ દાખલો બસ થશેઃ—

ખાસ કરીને મુંબઇ શહેરમાં કેટલા ખોજા શીઆ ઇસ્નાઅશરી બીરાદરો હિંદુલો ઉપર ચાલે છે. આપણને દીની કેળવણી મળી હોત

તો જે બીરાદરો કે હિંદુલો ઉપર શરીઅતથી વિરૂધ્ધ ચાલે છે, તે તેમ ન ચાલતે અને શરીઅત મુજબ વારીસને ભાગ આપતે પણ દીની કેળવણી નહિ મળવાનું આ પરિણામ છે. ઘણાજ થોડા એવા છે કે જેઓ હિંદુલો ઉપર નથી ચાલતા જો આજે આપણી કોમ હિંદુ લો ઉપર નહિ ચાલે, તો આપણને કેટલો લાભ થશે તે જુઓઃ—

હિંદુ લો ઉપર ચાલવાથી આપણી નમાઝ સહીહ થતી નથી, તેમજ આપણી સખાવત પણ કબુલ થતી નથી. કારણકે હિંદુ લો મુજબ ખરા હકદારને શરીઅત મુજબ હક મળતુ નથી પણ બીજાને મળે છે, ત્યારે આ પઇસા બીજાના હકના જે હકદાર ન હોય તેને મળે એટલે કે તે પચાવી પાંડેલા પૈસા કહેવાય, અને શરીઅત તે પૈસાને ગસબી કહે છે. માટે ગસબી પઇસા જો આપણા માલમાં મલી જાય, તો તે સર્વે માલ ગસબી ગણાય, અને જે જે ચીજો આપણે આ ગસબી માલથી ખરીદીએ તે સર્વ ગસબી માલ કહેવાય. તેથી જો ગસબી જગા ઉપર નમાઝ પડીએ તો નમાઝ બાતિલ છે. ગસબી ઘરમાં અથવા ગસબી કપડા પહેરીને નમાઝ પડીએ તો તે બાતીલ છે એટલે સુધી કે ગેસબી પાણીથી વોઝુ કરીને નમાઝ પડીએ તો પણ નમાઝ સહીહ નથી, અને સખાવત માટે તો જ૦ રસુલે ખુદા સ૦ ઇરશાદ ફરમાવે છે કે "ઇનલ્લાહ તય્યેબુન લા યક.બાલો ઇલ્લા તય્યેબ" અર્થાત ખુદા પાક અને પાકીઝા છે અને પાક સિવાય બીજી કોઇ ચીજ કબુલ કરતો નથી. અને વળી પરવરદિગારે આલમ પોતે ઇરશાદ ફરમાવે છે "વલા તયમ્મુલ ખબીસ મિનહો તુનફેકુન" અર્થાત એમ ન થાય કે તમો નજીસ ચીજને ખુદાની રાહમાં ખરચ કરો.

તો પછી બરાદરો આપણી નમાઝ અને સખાવતો આપણુને શું કામ આવશે ! આપણે જાણીએ છીએ કે ઇસલામમાં બે મ્હોટા ફિરકાંઓ છે એક શીઆહનો અને બીજો અહેલ સુન્નતનો છે, અને આપણામાં અને તેઓમા જે ફરક છે તે આપણે જાણીએ છીએ. ઇસલામમાં આ બે ફિરકાઓ થયા તેના ઘણા કારણો છે. જેમાનો એક અત્રે દર્શાવીશું:—

જનાબે ફાતેમતુઝ ઝહરા સલામુલ્લાહે અલયહા ના હકકો ગસ્બ કરનારાઓને આપણે તીખી નજરથી જોઇએ છીએ કારણ કે ઇસ્લામે દીકરીના હક રાખેલા છે જે તે વખતે જ૦ સય્યેદા સ૦ ને આપવામાં આવ્યા નહિ. આપણે તેજ શિઆ છીએ કે દીકરીના હક માટે અમોએ કેવી કેવી અને કેટલી સખત મુશ્કેલીઓ વેઠી, પરંતુ દીકરીનો હક ઇસ્લામ મુજબ આપવો જોઇએ એ વાત પર કાએમ રહયા શું આપણે તેજ શીઅહ નથી ! ! ?

પણ અફસોસ ! કે આજે આપણેજ હિંદુ લો ઉપર ચાલી દીકરીનું હક ગસ્બ કરી, શાન્તીથી બેઠા છીએ. ત્યારે શું આપણે તે શીઅહ કહેવાડવાના લાયક છીએ ? ! ! થોડાક વખત અગાઉ હિંદુ લો ઉપર નહિ ચાલવાની ચર્ચા થઇ હતી, અને તે ઉપર વિચાર ચલાવવામાં આવ્યો હતો પણ તે વિચાર તે માત્ર વિચારજ રહયો. આશા છે કે આ વખતે આપણી કોમના આગેવાનો એવી કોશીષ કરશે કે આપણે આ ગુનાહથી બચવા પામીશું. તેથી આગેવાનોએ સુધરેલી કાઉન્સીલમાં શીઅ: ઇસ્નાઅશરી હિંદુ લો ઉપર નહી ચાલે એવા કાયદા ઘડીને પાસ કરાવે.

કેળવણી ન હોવાનેજ લીધે આજે આપણે આવી મુશ્કેલીઓમાં આવી ગયા છીએ. આપણે જાણીએ છીએ કે આજે ઇસ્લામીઓ કેવી આફતોમાં જકડાએલા છે. અધર્મનો પ્રબળ અંધકાર સતતગતીની પેઠે ચારે દિશાએ વ્યાપી રહેલો છે. કુફ્રની વિષ ભરેલી હવા ચારે દિશા તરફ વાય છે. શું આ જમાનો ઇસ્લામીઓને જાગૃત થવા બોધ આપતો નથી? શ્રીમંતોની ફરજ છે કે પોતાની કોમ તરફ દિલસોજી બતાવે, અને કોમને જાગૃતીના ઉજવળ પ્રકાશમાં લાવવાની દરેક કોશીષો કરે. દરેક માણસની જુદી જુદી ફરજો છે તે દર્શાવતા લંબાણ થશે માટે એમજ આગળ વધીશું.

ફરજ એ સર્વને લાગુ પડે છે. પણ ચાલુ જમાનામાં ફરજ કોને કહે છે એ પણ સમજતા નથી તો ફરજ બજાવવાનું તો શું પુછવું. જે માણસ પોતાની ફરજોમાં પાછો પડે છે તે હંમેશાં દુન્યાના ચક્કરમાં ઘસડાય છે માટે ફરજ એ શબ્દનો યોગ્ય રીતે વહેવાર કરે તો માણસ કોઇ દિવસ પણ દુઃખી થવા પામે નહિં. મોટે પ્રમાણમાં બરાદરો પોતાની જાતી તથા કોમી ફરજથી બિલકુલ બેખબર છે. જો કે કેટલાક બીરાદરો પોતાની ફરજો જાણે છે છતાંએ ફરજ બજાવતા નથી. હાલ જો ખોજા શીઆ ઇસ્નાઅશરી બીરાદરો માટે નીચે મુજબ લખું તો ગેરવાજબી નજ ગણાયઃ—

(૧) કેટલાક બીરાદરો પોતાની ફરજ જાણે છે અને તે બજાવવા શકિતવાન છે તે છતાં બજાવતા નથી.

(૨) એક બાજુ ફરજ બજાવવા સશક્ત છે પણ ફરજથી બેખબર છે.

(૩) કેટલાક એવા બીરાદરો પણ છે કે જેઓ પોતાની ફરજ સમજે છે, પણ ફરજ બજાવવામાં શકિતવાન નથી.

(૪) બીજા એવા પણ છે કે જેઓ પોતાની ફરજ સમજતા નથી તેમ પોતાની ફરજ બજાવવામાં અશકત છે.

ત્યારે આ ઉપરથી સમજી શકાય કે પ્રથમ આપણી કોમને કઇ ચીજની જરૂર છે પ્રથમ તો તેઓએ પોતાની ફરજ સમજવી જોઇએ અને ઉન્નતીનો માર્ગ શોધવો જોઇએ. માટે આપણી કોમને જાગૃતીની ખાસ જરૂર છે, અને કોમને જાગૃતીના ઉજવળ પ્રકાશમાં લાવવા માટેપ્રથમતો તેઓને તેઓની ફરજથી આગાહ કરવું જોઇએ જે દરેક કોમી બંધુની ફરજ છે. માટે આવા સમયમાં કોમને સંપુર્ણ રીતે જાગૃત કરવા આ લઘુ પુસનકને તમારા સમક્ષ મુકવું ગેરવાજબી નહીં ગણાય,

પ્રથમ તો આપણને જાણવું જોઇએ કે આપણે કોના તાબેદાર છીએ એક આલીમના કે એક જાહેલના ? જો જાહેલના તાબેદાર હોઇએ તો પહેલેથીજ ત્યાંથી લગામ ફેરવી લેવી, કારણ કે તે તો જાગ્રતીનો રસતોજ નથી.

પણ એમ નથી ! આપણે તો એક આલીમના પયરવ અને તાબેદાર છઇએ અને તે-આલીમ પણ કેવા કે જેના વિષે જનાબે રસુલે ખુદા સ૦ ઇરશાદ ફરમાવે છે કે "અના મદીનતુલ ઇલ્મે વ અલીયયુન બાબોહા" એટલુંજ નહીં પણ આપણા ફીરકાનો જે નામ છે તે ઉપરથીજ આપણને માલમ પડી આવશે આપણે બાર ઇમામો (અ૦) નાં પયરવ અને તાબેદાર છીએ.

આપણા સરદારો અને ઇમામો કે જેની આપણે તાબેદારી કરીએ છીએ. તેઓ આ જગતમાં પોતાની જીંદગી કેવી રીતે ગુજારતા હતા? દીની હીદાયત કરવા જીવ આપી દેતા હતા. ત્યારે આપણે તો તેઓના જ પયરવ છીએ તેથી આપણા સરદારોની સીફતોની કાંઇ અસર આપણામાં પણ હોવી જોઇએ. જેવી રીતે વાઘના બચ્ચામાં તેજ ફાડી ખાવાની ટેવ હોય છે, તો આપણે જોઇએ કે આપણા સરદારોના પયરવમાં તે અસર હતી કે નહી?

બેહલોલ જે જનાબે ઇમામે જઅફરે સાદીક અ૦ ના અસહાબો માંથી હતા, તેઓને એક માણસે ત્રણ સવાલ કર્યાઃ—

(૧) ખુદા હસ્તીમાં છે અને દેખાતો કેમ નથી?

(૨) શયતાન આગથી પેદા કરવામાં આવ્યો છે અને આગમાં કેવી રીતે બળી શકશે કારણકે હમજીન્સને હમજીન્સ ઇજા પહોંચાડતી નથી,

(૩) દરેક નેકી અને અને બદી જે માણસ કરે છે તે પોતે નથી કરતો પણ ખુદા કરાવે છે.

બેહલોલે દાનાએ આ સાંભળ્યું અને બાજુમાં પડેલા એક ઇંટનો ટુકડો તેના માથા ઉપર ફેંક્યો, જેથી પેલો માણસ કાજી પાસે ફરયાદ લઇ ગયો કે મે બેહલોલને ત્રણ સવાલ પુછ્યા, અને તેણે મને જવાબ આપવાને બદલે ઇંટ મારી. કાજીએ બેહલોલને બોલાવ્યા અને સર્વ હકીકત પુછી બેહલોલ—"મેં તેને તેના સવાલોનો જવાબ આપ્યોછે.

કાજી—તે કેવી રીતે?

બેહલોલ—"સાહેબ, આ માણસ પોતે કહે છે કે હમજીન્સ હમજીન્સને ઇજા પહોચાડતી નથી, મેં તેને ઇંટ મારી જે માટીની

બનેલી હતી અને તે પણ માટીથી બનેલો છે, ત્યારે માટી માટીને (તેના કહેવા મુજબ) કેવી રીતે ઇજા પહોંચાડી શકે ?"

ફર્યાદી– "જુઓ ! કાજી સાહેબ ! મારા માથામાં દરદ થાય છે."

બેહલોલ—"સાહેબ, એ પોતેજ કહે છે કે જે ચીજ હસ્તીમાં હોય તે દેખાવવીજ જોઇએ માટે જો તે મને પોતાના માથાનો દરદ બતાવે તો હું માનું કે તેને દરદ થયો છે. અને વળી તે ઇંટ મેં નથી મારી પણ ખુદાવંદે આલમે પોતે મારી કારણકે એનુજ કહેવું છે કે નેકી અને બદી જે કાંઇ માણુસ થકી થાય છે તે ખુદા કરાવે છે, ત્યારે એમાં મારો વાંક શો ?

એથી જણાય છે. કે આપણા સરદારના પયરવ હીદાયત કરી શકતાં હતા અને કરતા હતા જેમકે ઉપર બેહલોલે દલીલોથી જવાબ આપ્યા કે સાંભળનાર અજબ થયા વિના રહે નહી માટે આપણે પણ એવીજ રીતે હીદાયત કરીએ તોજ આપણે ખરા શીઆ ઇસ્નાઅશરી થઇ શકીએ (બેહલોલે ઇંટ મારીને દાખલા દલીલ સાથે અજ્ઞાન ને શીખામણ આપી, પણ હું તમને એમ નથી કહેતો કે તમે પણ કોઇને મારી શીખામણ આપો, પણ જેવો સવાલ અને જેવો માણુસ હોય તેવો જવાબ તેની માફક આપવો.)

આપણે જો આપણા બાળકોને કેળવણી આપીશું તોજ તેઓ હુશ્યાર થશે અને પોતે તેમજ પોતાના કુટુંબને સુખી કરશે. પણ કેળવણી તે કેવી આપવી જોઇએ ? દીની અને દુન્યવી કેળવણી આપવાથીજ બાળકો પોતાના ધર્મને ખરી રીતે ઓળખશે, અને અને કેળવણી આપવી બાળકોને એ દરેક માબાપની ફરજ છે, પણ

હાલ માબાપો પોતાની ફરજથી બીલકુલ બે ખબર લાગે છે કારણ કે દીની કેળવણીનું તો નામજ છે બાકી દુન્યવી કેળવણી સારી રીતે અપાય છે.

આજે મુંબઇ જેટલી ગીચ વસ્તીવાળા શહેરમાં આપણા ખોજા શીઆ ઇસ્નાઅશરીઓ માટે ફક્ત ચારેક મદ્રેસા છે. (૧) મરહુમ મુલ્લા કાદર હુસયન સાહેબનો (૨) શીઆ ઇસ્નાઅશરી જમાતની હસ્તક. (૩) ધી પદમા બાઇ સ્કુલ (૪) મહેરીલે હુસયની હસ્તક.

આ મદ્રેસાઓમાં ત્રણથી તે સાત આઠ વરસના બાળકો અને બાળકીઓ અલીફ બે સીખવા જાય છે. ત્રણ વરસનું બાળક કંઇ ભણી શકે છે ? ખેર, પણ જ્યારે તે બાળક સાતેક વરસનો થયો કે તેના માબાપોએ તેને અંગ્રેજી નીશાળોમાં શીખવા મોકલી દીધો, અને આનો મતલબ શું ? મારીસ મજમાં તો એમજ આવે છે કે બાળકો ઘરમાં તુફાન કરે છે તે માટે તેના વાલીઓ મદ્રેસામાં મોકલી દે છે, પણ જ્યારે જરા સમજતો થયો, કે તરતજ અંગ્રેજી નીશામાં (દીની કેળવણી મુકી) મોકલી આપે છે. વાહ !

હું એમ કહેવા નથી માંગતો કે તમે અગ્રેજી ન ભણાવો પણ મારો મતલબ એ છે કે અંગ્રેજીની સાથે થોડી થોડી દીની કેળ વણી આપ્યા કરો, જેથી તે બાળક પોતાના ધર્મને સારી રીતે ઓળ ખતા શીખે અને જેથી તેના લીધે બીજાઓને પણ હીદાયત મલવા પામે.

કેટલાક બીરાદરો ઘરે મુલ્લા રાખે છે કે અંગ્રેજી ભણી છોકરા ઘરે આવે તો દીની સબક કાંઇ હાંસિલ કરે જો કે આ તેઓની

દીન તરફ એક લાગણી છે પરંતું તેઓનો મતલબ પુરો થતો નથી, કારણ કે મુલ્લા એક કલાક શિખાવે તે પણ ફક્ત કુરઆન પણ મસઅલા મસાએલ ગાએબ, તેમ ધાર્મિક ફરમાનો પણ બતાવવામાં આવતા નથી. તેથી ખરી દીની તઅલીમ મલી શકતી નથી, તેમ તે બાળકને મુંલ્લા કુરઆનનો તરજુમો શીખાવતા નથી વા જાણતા નથી અને વાલીઓ તે સમજવા માંગતા નથી.

પ્રથમતો એવા મોલવીઓની ખાસ જરૂર છે કે જેઓ અરબી ફારસી વી૦ સારૂં જાણતા હોય. કેટલા બરાદરો એમ પુછે છે કે આપણને અરબીની શી જરૂર છે?

આપણે જાણીએ છીએ કે આપણો ધર્મ અરબસ્તાનમાંથી સર્વ દેશોમાં ફેલાયો છે, અને વળી આપણી ધાર્મીક કીતાબ (કુરઆને મજીદ) ખાસ અરબી ભાષામાં ઉતરેલી છે. અને આપણા તમામ દીની અહકામ એટલે મઅસુમીન અ૦ ની હદીસો અરબી ભાષામાં છે, ત્યારે જો આપણે અરબી ભાષા સીખીશું તોજ આપણે તે સવ સમજી શકશું. જો કે કેટલીક અરબી કીતાબેનું તરજુમો ઉરદુમાં, અને ઉરદુથી ગુજરાતીમાં થયો છે, તો પણ તે આપણને પુરી રીતે બસ નથી, કારણ કે આપણા મઝહબની જે મહત્વતા છે તે ખાસ અરબી જાણવાથીજ માલુમ પડે છે.

આજે એવા નવી રોશનીવાળા જમાનામાં આપણને આપણા મઝહબની મહત્વતા જાણવાની ખાસ જરૂર છે જો આજે દીની કેળવણી અંગ્રેજી કેળવણી જેટલી આપવામાં આવે તો બીજા માણસોની ગુલામી કરવાથી આપણે બચીએ. થોડાક વખત અગાઉ

એક ખોજા બીરાદરે સવાલ કર્યો હતો કે આપણી કોમમાંથી કોઇ મુજ તહીદ થાય તો આપણુને કેટલા બધા ફાયદા થાય ?

જે કોમમાં અરબી કેળવણીનું નામજ ન મળે ત્યા મુજતહીદ કેવા અને આલીમ કેવા ? માટે જો આપણે અંગ્રેજી કેળવણી જેટલીજ જો અરબી કેળવણી આપીએ તો જરૂર થોડા વખતમાં આ સવાલ પુરો થાય અને તેથી બેહદ ફાયદાઓ પહોંચે અને એમ કરવા જો આપણે કોશીષ કરીશું તો આશા છે કે આપણુને જલ્દીથી તેનું ફળ ચાખવા મળશે.

## મુંબઇમાં શીઆ હાઇ સ્કુલ અને કોલેજ સ્થાપવાની જરૂર.

ઉપલા લખાણનો મુળ મુદ્દો એજ છે કે આપણા બાળકોને મુંબઇમાં અરેબીક અને અંગ્રેજી ભણાવવા માટે સ્કુલ નથી. અને તે સ્કુલ સ્થાપવા માટે કોમના અગ્રેસરોએ બહાર પડવું જોઇએ. એટલે બધા હમદર્દ ખોજા આગેવાનોએ કોલેજ સ્થાપવાનું કાર્ય હાથમાં લઇ તન મન, અને ધનના ભોગે ધાર્મીક તથા માનસિક કેળવણી કોમમાં ફેલાવવાના પ્રયત્નો કરવા, આપણી કોમમાં કોઇ એવી જાહેર સંસ્થા નથી કે જે મારફતે ભાષણદ્વારા આપને અપીલ કરી શકાય, તેથી આ લઘુ લેખ સમક્ષ અપીલ દાખલ મુકી છે.

તા: ક:—ઉપલી બીના ઉપર સર્વ દિલસોજ બીરાદરોને ધ્યાન આપવાની અરજ કરૂં છુ. અને આ લેખમાં જો કોઇ ભુલ દેખાય તો હંસાવૃત્તિએ ક્ષમા કરશો.

લી૦ કોમનો સેવક

"મદ્દાહ."

છપાય છે!!　　　　　　　　છપાય છે!!!

શીઆઓની પૂર્વની જાહોજલાલી, અને સ્વતંત્રતા સાથે સરખાવતા વર્તમાન શીઆઓની પરતંત્રતા અને અધોગતિ સાક્ષાત દિગ્દર્શન કરાવતું પુસ્તક નામેઃ-

## આપણી નૌકા.

થોડા વખતમાં છપાઈ બહાર પડશે. હમણાંથી નામ નોંધાવો.

નોટઃ—આ પુસ્તકની અર્પણપત્રીકા મરહુમ જ૦ મુલ્લા કાદર હુસેન સાહેબને થશે.

કર્તા પાસે નામ નોંધાવો કીમત રૂ. ૨) બે.

---

## દસઆતે નબુવ્વત.

નબુવ્વતની સબુતો માટે ઉત્તમ દાખલા અને દલીલો સહિત છપાય છે!

કીમત ૨ આના.

કર્તાને ત્યાંથી પોસટ ટીકીટ મોકલી મંગાવો.

---

## "હાફીઝ કાવ્ય."

પરશીઅન ગઝલો ગુજરાતી શુધ્ધ ભાષાંતર સાથે થોડા વખતમાં છપાઈ બહાર પડશે.

નામ નોંધાવો. માટે લખોઃ—

**હમદસાદીક શેખઆહમદ "સાદીક."**

બી૦ ટેંક રોડ, મવલા ચાલ, મુંબાઈ ૯.